# નવસારીની બારિયા કોલેજના ચેસના ખેલાડી યુનિવર્સિટીની ટીમમાં સિલેક્ટ થયા



નવસારી : વી. નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત ચેસ ટુર્નામેન્ટ બોઈઝની સ્પર્ધા દીપ જ્યોતિ કોમર્સ કોલેજ, ભરૂચ ખાતે તા. ૧૭થી ૨૧ દરમિયા યોજાઈ હતી. આ સ્પર્ધામાં અમારી કોલેજ બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, નવસારીના ચાર ચેસના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બારિયા કોલેજના પટેલ નિહાલ ત્રિશુલકુમાર વી. નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીની ચેસ ટુર્નામેન્ટ બોયઝની ટીમમાં પસંદગી પામ્યા છે. ઈન્ડિવિજ્યુઅલ રમતમાં તેઓ પ્રથ રહ્યા હતા અને વી.એન.એસ.યુ.ની ટીમમાં સિલેક્ટ થયા હતા. આ સિવાય ભાગ લીધેલા ખેલાડીઓએ ખૂબ સારું પરફોર્મન્સ કર્યું હતું. આ સિલેક્ટ થયેલા પટેલ નિહાલ માટે કોલેજ પરિવાર, કોલેજના પ્રિન્સિપાલ, વાઈસ પ્રિન્સિપાલ અને જિમખાના ચેરમેન ડોક્ટર જિતેન્દ્ર ટંડેલે પટેલ નિહાલને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા અને આવનારી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી હતી.


STRANGER
THINGS